અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે ગૃહ નિર્માણ યોજના

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:ગનય/૨૦૯૨/૮૯/ઘ
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૨/૧૨/૧૯૯૨

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ-વિકાસ વિભાગનો તા.૭/૮/૮૯ ના ઠરાવ ક્રમાંક: ગનય/૨૦૮૮/૧૪૫૫/ઘ
(૨) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:ગનય/૨૦૯૦/૨૬૩/ઘ
(૩) સમાજ કલ્યાણ વિભાગના તા.૩૧/૩/૯૨ ના ઠરાવ ક્રમાંક:વમસ/ ૧૨૮૮/ખા.૯૭/ખ

**ઠરાવ:-**

આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૭/૮/૮૯ ના ઠરાવથી અનુસૂચિત જનજાતિ ના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નાણાંકીય સહાયની યોજના અમલમાં છે. ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં સહાયના દરમાં કેટલાક ફેરફાર કરવાની બાબત કેટલા [illegible] થી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં નિચે મુજબના ફેરફાર કરવાનું આથી ઠરાવવામા આવે છે.

(૧) આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લોકો પૈકીની જેઓની વાર્ષિક આવક રૂ. ૬૪૦૦/- ( છ હજાર ચારસો ) થી વધતી ન હોય તેઓને રૂ. ૯૦૦૦/- ને બદલે રૂ. ૧૨,૭૦૦/- ની સહાય ચુકવવાની રહેશે.તેમજ સહાયની રકમ ત્રણ હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તા ૫૦% બીજો હપ્તો ૨૫ % અને ત્રીજો હપ્તો ૨૫ % પ્રમાણે ચુકવવાની રહેશે. આ યોજના હેઠળ બંધાયેલ મકાનની કિંમત રૂ. ૧૨,૭૦૦/- કરતાં ઓછી હશે તો લાભાર્થીને થયેલ ખરેખર ખર્ચ જેટલી જ રકમ સહાય તરીકે ચુકવવાની રહેશે

(૨) આ યોજના હેઠળ આ ઠરાવની તારીખે અથવા ત્યારબાદ મકાન સહાયની જે અરજીઓ મંજુર કરવામાં આવે તેને સુધારેલ દર મુજબ લાભ આપવાના રહેશે.

(૩) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૯/૧૨/૯૨ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(મનિબા રાઠોડ)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ્યભવન, ગાંધીનગર
૨ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
૩ સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
૪ સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૫ સચિવાલયના સર્વ વિભાગો
૬ નાણાં સલાહકારશ્રી (સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ) સચિવાલય ગાંધીનગર
૭ નાયબ આદિજાતિ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર
૮ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુ.રા. ગાંધીનગર
૯ સર્વ પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૧૦ સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
૧૧ વિભાગની સર્વે શાખાઓ